eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 370
September 05, 2014

## "મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમઃ–

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોનનાં, વીબીડીસી વિભાગ ધ્વારા ઉજવવામાં આવેલ જુન–જુલાઈ–૨૦૧૪ "મેલેરીયા–ડેંગ્ય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ :–

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૩૦/૦૮/૨૦૧૪ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી સામે, કાપોદ્રા,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૮/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૮/૨૦૧૪ તેમજ તા.૨૯/૦૮/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિ શ્રી નર્મદની ૧૮૨ મી જન્મ જયંતીની ક.ન.મ.પુસ્તકાલય ખાતે થયેલ ઉજવણી

તા.૨૪/૦૮/૨૦૧૪ના રોજ સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૨ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "S-Connect" સેવા બાબત :–

બી.આર.ટી.એસ. કન્સેપ્ટ હેઠળ ચાલુ કરવામાં આવેલ સિટીલિંક બસ સેવા અને સુરત શહેર અંતર્ગત અન્ય વિસ્તારોમાં ચાલુ કરવામાં આવેલ સિટી સર્વિસ (સી.બી.એસ.) ને જોડાણ કરવા હેતુ "S-Connect" પ્લાન હેઠળ પ્રાયોગિક ધોરણે પ્રથમ તબકકામાં સિટીલિંક બસ (રેડ બસ) અને સિટી બસ સર્વિસ (સી.બી.એસ.–બ્યુ બસ) ને...

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રી મદનલાલ પી. બુનકીનું તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન

સુરત મહાનગરપાલિકામાં મેયર તરીકે તા.૧૦–૧૨–૧૯૭૬ થી તા. ૦૫–૦૪–૧૯૭૭ તથા તા.૧૧–૦૨–૧૯૮૧ થી તા.૧૯–૦૯–૧૯૮૧ ના સમયગાળા દરમ્યાન હોદ્દા પર રહેલા શ્રી મદનલાલ પી. બુનકીનું તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ હોય મર્હુમના માનમાં તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં "Integrated Health - Engineering Action Plan" મુજબ તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ડીંડોલી–૧ વોર્ડ અને ડીડોલી–૨ વોર્ડ વિસ્તાર (૧) ભરવાડ ફળીયુ ચાર રસ્તાથી નંદનવન ખાડી સુધીનો ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે ગૃડા–૨૦૧૧ હેઠળ આવેલ ઈમ્પેકટ ફી અંગેની અરજીઓના નિકાલ અર્થે રોજીંદી કામગીરી ઉપરાંત અત્રેના ઝોનના સંબધિત આસી.ઈજનેર / જુની.ઈજનેર / સર્વેયર / ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૨.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૮ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬ ફાઈલના રૂા.૩.૮૬લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૦ લોકેશન(ખાડા)૨૫૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૮.૧૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૮/૨૦૧૪ થી તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૭૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૩૦૨૮ ઘરનો સર્વે...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા.૨૫.૦૮.૨૦૧૪ થી તા.૩૧.૦૮.૨૦૧૪ સુધીમાં સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ :૧૩૬૮ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬૪ ફાઈલના રૂા.૪૩.૮૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૦૪ લોકેશન (ખાડા)૨૦૬૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૩૩.૩૦૦ ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોનમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), માં આવેલ સેટેલાઈટ રોડ ઉપર આવેલ વૃંદાવન સોસાયટી વિ–૧, બ્લોક નં. ૧૮૩, ફા.પ્લોટ નં.૪૪/બી નાં મંજુર થયેલ લે–આઉટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૩.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૯૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૭૬ ફાઈલના રૂા.૧૪.૭૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના હીજડાવાડ સર્કલ, બાલાપીર દરગાહ, ભરવાડ ફળીયા, મહારાણા પ્રતાપ સર્કલ, ડી.કે.એમ હોસ્પીટલ, આંબાવાડી કાલીપુલ, ચલમવાડ, સ્વર્ણિમ સર્કલથી ફાલસાવાડી, દાણાપીઠ બજાર, લાલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૧,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૩૪૧ ઘરનો સર્વે...

વધુ માટે કલીક કરો >>>>>>

---

### યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ પલ્સ–સંસ્થાના સહયોગથી "બીગ ડેટા કલાઈમેટ ચેલેન્જ" અંતર્ગત વૈશ્વિક સ્પર્ધાનું આયોજનઃ–

યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ પલ્સ–સંસ્થાના સહયોગથી "બીગ ડેટા કલાઈમેટ ચેલેન્જ" અંતર્ગત વૈશ્વિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સદર સ્પર્ધાની જાહેરાત મેં ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ જેમાં ભારત દેશ સહીત વિશ્વના ...

વધુ માટે કલીક કરો >>>>>>

### ઉકાઈમાંથી પાણી છોડવા બાબતે .. અધિકારીઓને એલર્ટ રહેવા જણાવાયું :–

એસઆઈસી, ફ્લ્ડ સુરતના મેસેજ મુજબ હાલમાં ઉકાઈમાંથી ૮૦૦ કયુસેક પાણી છોડવામાં આવે છે. જેમાં ૧૦.૦૦ કલાકથી વધારો કરીને ૨૨,૦૦૦ કયુસેસ પાણી છોડવામાં આવનાર છે. આથી તમામ પ્રાંત અધિકારીશ્રીઓ / ...

વધુ માટે કલીક કરો >>>>>>

### કૃત્રિમ તળાવનું આયોજન બાબત :–

સુરત શહેરમાં આગામી ગણેશ ઉત્સવ નિમિતે શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રીગણેશજીની મોટી સંખ્યામાં પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવે છે. જે પૈકી મહત્તમ મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ(પી.ઓ.પી.)માંથી બનાવવામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબતઃ–

તા. ૦૪.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૪૫ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૫૪ ફાઈલના રૂા.૧૦.૦૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

### "નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૫૭ ઘરનો સર્વે...

વધુ માટે કલીક કરો >>>>>>

### વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૩/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત :–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### જ્ઞાન સપ્તાહ અન્વયે શિક્ષક–વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવણી :–

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતના ઉપક્રમે જ્ઞાન સપ્તાહ અન્વયે શિક્ષક–વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવણીના ભાગરૂપે શાળા પરિવારમાંથી નિવૃત થયેલ માનવંતા આચાર્યો,શિક્ષકો,તેડાગરોને વિશિષ્ટ સેવા એવોર્ડ અર્પણ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ''મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ'' અંતર્ગત યોજાયેલ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમઃ–

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોનનાં, વીબીડીસી વિભાગ ધ્વારા ઉજવવામાં આવેલ જુન–જુલાઈ–૨૦૧૪ ''મેલેરીયા–ડેંગ્યું વિરોધી માસ'' અંતર્ગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની શાળાઓમાં  અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મચ્છર, તેનુ જીવનચક્ર, તેની ઉત્પત્તિ, તેનાથી ફેલાતા રોગો અને તેના અટકાયત માટેના પગલા બાબતે જરૂરી સમજણ કેળવાય તે હેતુસર સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ શાળાઓ પૈકી કુલ ૬૯ શાળાના કુલ ૨૯૧ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ વચ્ચે કોમ્યુનીટીહોલ,સુરત મહાનગરપાલિકા,રૂસ્તમપુરા ખાતે ''મેલેરીયા–ડેંગ્યુ વિષયક ''ચિત્ર સ્પર્ધા'' અને અંબાબા ગર્લ્સ શાળા, હરીપુરા ખાતે ''મેલેરીયા–ડેંગ્યુ વિષયક ''કવીઝ અને ''નિબંધ સ્પર્ધા'' નુ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ હતુ. સુરત મહાનગરપાલિકાનો હેતુ આ સ્પર્ધા દરમ્યાન ખુબ સારી રીતે સાર્થક થયો હતો. સદર સ્પર્ધાઓ પૈકી દરેક સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાને આવેલ બાળકોને ઈનામ અને પ્રમાણપત્રો તથા સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકને આશ્વાસનપત્ર સુરત મહાનગરપાલિકા તરફથી વિતરણ કરવાનો કાર્યક્રમ તા.૨૮/૦૮/૨૦૧૪ ના રોજ સેન્ટ્રલઝોન વહીવટી ભવનના કોન્ફરન્સ હોલ ખાતે યોજવામાં આવેલ. સદર સ્પર્ધા પૈકી (૧)ચિત્ર સ્પર્ધામાં ભ.લે.જરીવાલા તથા મ.ભ.લ.જરીવાલા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની જાદવ જીજ્ઞાશા મુકેશભાઈ(ધોરણ–૦૭),(૨)લેખિતકવીઝ સ્પર્ધામાં મદ્રેસાહ તૈયબીયાહ બોયઝ હાઈસ્કુલના વિદ્યાર્થી પ્રજાપતિ ઘનશ્યામ જયેશભાઈ (ધોરણ–૧૦,એ) તથા (૩)નિબંધ સ્પર્ધામાં મદ્રેસા તૈયબી બોયઝ હાઈસ્કુલના વિદ્યાર્થી શેખ મુબીન ફિરોઝભાઈ(ધોરણ–૧૦,એ) પ્રથમ ક્રમે રહયા હતા.

સદર ઈનામ વિતરણ કાર્યક્રમ સેન્ટ્રલઝોનના આસી.કમિશ્નરશ્રી બી.એલ.પટેલ અને કાર્યપાલક ઈજનેરશ્રી જે.આર.સોલંકીના અધ્યક્ષતામાં યોજાયેલ.સદર કાર્યક્રમમાં સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.આઇ.ખત્રી અને સુરત મહાનગરપાલિકાના ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી, જે.પી.વાઘડીયા હાજર રહયા હતા.સદર કાર્યક્રમમાં હાજર રહેલ શાળાના શિક્ષકો,અને વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓનો સ્પર્ધા સંબધી અભિપ્રાય અને સુચનો મેળવવામાં આવેલ હતા.સદર કાર્યક્રમનું પ્રાસંગીક  પ્રવચન અને  આભારવિધિ સેન્ટ્રલઝોનના આસી.જંતુનાશક અધિકારીશ્રી એન.બી.સુથારે કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ :–




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૩૦/૦૮/૨૦૧૪ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી સામે, કાપોદ્રા,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર રંજનબેન વેકરીયા,રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ,આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, ઉદ્યાન સમિતિ અધ્યાક્ષાશ્રી શ્રીમતી દેવીકાબેન જાદવાણી આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,ઝોનલ ચીફ શ્રી.એ.જી.ખાટીવાલા,આસી.કમિશ્નરશ્રી આર.એમ.ગામીત મ્યુનિ.સદસ્યશ્રીમતી મીનાબેન હિંગુ,શ્રીમતી છાયાબેન ભુવા,શ્રી રાજેશભાઈ જોળીયા,શ્રી વિનોદકુમાર ગજેરા,ઈસ્ટ ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી.ડી.સી.ભગવાગર,પી.ડી.મુન્શી,નાયબ આરોગ્ય.અધિકારી ડો.એચ.સી.ભટ્ટ,ડો.એમ.એન.પટેલ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કરંજ/પુણા/હિરાબાગ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ ડો.રવીન્દ્ર પાટીલ એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગચાળા વિશે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું અને સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પીટલ, મસ્કતિ હોસ્પીટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે જવા અનુરોધ કર્યો છે.

આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે,આ વર્ષનો આ નવમો મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પો યોજાય છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરી છે.મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું".

ડે.મેયર શ્રીમતિ રંજનબેન વેકરીયાએ પ્રાસંગિક પ્રવચનમાં પાણી જન્ય રોગો સામે તકેદારી રાખવા જાહેર જનતાને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે,તમારા ઘરની આજુ બાજુ સ્વચ્છતા રાખવા તથા ગમે ત્યાં કચરો ન નાખવા જાહેર અપીલ કરી હતી.આ જ્ઞાન તમારા નાના બાળકોને પણ આપવા જણાવ્યુ હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં કરંજ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૮૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના

નિષ્ણાત દ્વારા ૧૧૮, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૪૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૦, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૦, ફિઝીશ્યન દ્વારા ૧૮૭, સર્જન દ્વારા ૩૬, મેડીકલ ઓફીસર દ્વારા ૪૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૫ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૦૯ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૯૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૩૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦, ઓરલ પીલ્સ ૦૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૩૦૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૧૨ બાળકને બી.સી.જીની રસી, ૪૧ બાળકને પેન્ટાવેલેન્ટની રસી, ૬૨ બાળકને પોલીયોની રસી, ૧૩ બાળકોને ડીપીટીની રસી, ૩૮ બાળકોને ઓરીની રસી, તથા ૦૨ ટી.ટી. ની રસી આપવામાં આવી હતી તેમજ ૫૦૦,કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૦૬/૦૯/૧૪ ના રોજ ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્ર,ખાતે રાખવામાં આવ્યો છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૮/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૮૨૬૧ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૫૯૨૭ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૪૯૫ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૬૪૪૧ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૬૬૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૩૮ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૧૨ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૩૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૬૩ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૧૮૭ નોટિસો આપવામાં આવી અને ૩૬૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૮/૨૦૧૪ તેમજ તા.૨૯/૦૮/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.૧૧૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૯,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૧૧૯ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૮૯૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૧૭,૮૨,૦૩૪/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા વેડ રોડની વિવિધ ઈન્ડ. સોસાયટીઓ, કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ સ્થળ ઉપર રૂા. ૮,૬૬,૪૬૪/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૨૦૨ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૭,૧૨,૮૪૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૧૧,૭૬૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## કવિ શ્રી નર્મદની ૧૮૨ મી જન્મ જયંતીની ક.ન.મ.પુસ્તકાલય ખાતે થયેલ ઉજવણી

તા.૨૪/૦૮/૨૦૧૪ના રોજ સુરત શહેરના મહાન સપૂત અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે એટલે કે, 'કવિ નર્મદ' ની ૧૮૨ મી જન્મ જયંતી તેમજ સુરત મહાનગરપાલિકા નિર્મિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયના ૨૪ મા સ્થાપના દિન નિમિત્તે ક.ન.મ.પુસ્તકાલય ખાતે સાદગીપૂર્ણ વાતાવરણમાં સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી, માન.સાંસદશ્રી, માન.કમિશ્નરશ્રી, અધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, પુસ્તકાલયના વરિષ્ઠ વાચક સભ્યો અને અન્ય નિયમિત વાચકોની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટય તથા કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શુભ અવસરે પુસ્તકાલય ખાતે રંગબેરંગી સુશોભન કરી, કવિ નર્મદની જીવન ઝરમર તેમજ તેઓશ્રી દ્વારા ગુજરાતી સાહિત્યને પ્રદાન કરવામાં આવેલ પુસ્તકો સહિત સામાન્ય જ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, લોકસાહિત્ય, વિજ્ઞાન, પ્રવાસ, જીવનચરિત્ર, ઈતિહાસ વિ. વિષયોને લગતા પુસ્તકો, 'સો ટચના ગુજરાતી પુસ્તકો, પ્રસિધ્ધ કૃતિઓ અને કર્તાઓના પુસ્તકો અને અદભુત માહિતીપ્રદ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત, સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે ૧૫૦૦ પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જેને વાચક સભ્યો તથા મુલાકાતીઓ તરફથી પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડેલ હતો.

TOP

## "S-Connect" સેવા બાબત :–







બી.આર.ટી.એસ. કન્સેપ્ટ હેઠળ ચાલુ કરવામાં આવેલ સિટીલિંક બસ સેવા અને સુરત શહેર અંતર્ગત અન્ય વિસ્તારોમાં ચાલુ કરવામાં આવેલ સિટી સર્વિસ (સી.બી.એસ.) ને જોડાણ કરવા હેતુ "S-Connect" પ્લાન હેઠળ પ્રાયોગિક ધોરણે પ્રથમ તબકકામાં સિટીલિંક બસ (રેડ બસ) અને સિટી બસ સર્વિસ (સી.બી.એસ.–બ્યુ બસ) ને ઈન્ટીગ્રેડ કરી રેલ્વે સ્ટેશનથી ઉધના દરવાજા થઈ ખરવરનગર સુધી સિટી બસ (બ્લુ બસ), ખરવરનગર થી સચીન જી.આઈ.ડી.સી. સુધી સિટીલિંક બસ (રેડ બસ) તેમજ સચીન જી.આઈ.ડી.સી. થી સચીન ગામ સુધી સિટી બસ (બ્યુ બસ) ચલાવવા આયોજન અંગે નાગરીકો તરફથી ખુબ જ ઉત્સાહ જોવા મળેલ છે. જે અંતર્ગત ૨૮ મી ઓગષ્ટ ૨૦૧૪ બાદથી ટ્રાયલ રન શરૂ કરવામાં આવેલ છે. જેમાં બસ શીડયુલ્ડ, ટિકિટનાં નમુના, હેન્ડ હેલ્ડ મશીનોનો ઉપયોગ વિગેરે સાથેની ટ્રાયલ પણ શરૂ કરવામાં આવેલ છે. વધુમાં, આ પ્લાન હેઠળ આ રૂટ પર કોઈપણ સ્થળે જવા માટે એક ટિકિટની સુવિધા માટે સિટી બસ તથા સિટીલીંક બસનાં સ્ટેશનનું ઈન્ટીગ્રેશન કરતું સોફટવેર વિકસાવવામાં આવેલ છે જેનું પણ ટેસ્ટીંગ હાથ ધરવામાં આવેલ છે.

તા.૨૮ મી ઓગષ્ટ ૨૦૧૪ ના રોજ ૪૮૨ તથા ૨૯ મી ઓગષ્ટ ૨૦૧૪ના રોજ કુલ –૮૫૨ પેસેન્જરોએ "S-Connect" ની સેવાનો લાભ લીધેલ છે. લાભ લીધેલ પેસેન્જરો પાસે ફીડબેક લેતાં તેઓ તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળેલ છે.

આ તમામ ટ્રાયલ રન ટેસ્ટીંગ બાદ ૧ લી સપ્ટેમ્બર–૨૦૧૪ થી "S-Connect" ની સેવા નાગરિકો માટે વિધિવત ઉપલબ્ધ કરવામાં આવશે.

TOP

## શ્રી મદનલાલ પી. બુનકીનું તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન

સુરત મહાનગરપાલિકામાં મેયર તરીકે તા.૧૦–૧૨–૧૯૭૬ થી તા. ૦૫–૦૪–૧૯૭૭ તથા તા.૧૧–૦૨–૧૯૮૧ થી તા.૧૯–૦૯–૧૯૮૧ ના સમયગાળા દરમ્યાન હોદ્દા પર રહેલા શ્રી મદનલાલ પી. બુનકીનું તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ હોય મર્હુમના માનમાં તા.૦૧–૦૯–૨૦૧૪ના રોજ મહાનગરપાલિકાની તમામ કચેરીઓ, શાળા બોર્ડની કચેરી તથા ન.પ્રા.શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં જાહેર રજા પાળવામાં આવશે. આવશ્યક સેવાઓ જેવી કે પાણી વિભાગ, ગટર વિભાગ, સફાઈ વિભાગ તથા ફાયર બ્રિગેડના કામો તેમજ સેન્ટ્રલ કંટ્રોલ રૂમ તથા ઝોન કંટ્રોલ રૂમ ચાલુ રહેશે.

TOP

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત સાઉથ ઈસ્ટ ઝોનમાં ''Integrated Health - Engineering Action Plan'' મુજબ તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ સવારે ૭.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન ડીંડોલી–૧ વોર્ડ અને ડીડોલી–૨ વોર્ડ વિસ્તાર (૧) ભરવાડ ફળીયુ ચાર રસ્તાથી નંદનવન ખાડી સુધીનો ડાબી/જમણી સાઈડનો આજુ બાજુનો વિસ્તાર(૨) દિપકનગર વેજીટેબલ શાક માર્કેટથી કૈલાસનગર ચોકડી, કામદાર આવાસ થઈ શિવસાંઈનગર સુધીનો આજુબાજુનો વિસ્તાર. (૩) સાંઈ પોઈન્ટ ચાર રસ્તા નવો સી.આર.પાટીલ રોડ આર.ઓ.બી.સુધી. તેમજ રામ નગર,શિવનગર, સી.આર.પાટીલ એસ્ટેટ અને માલતી રેસીડેન્સી રસ્તાની જમણી બાજુનો આજુ બાજુનો વિસ્તાર(૪) સાંઈ પોઈન્ટ ચાર રસ્તા નવો સી.આર.પાટીલ રોડ આર.ઓ.બી.સુધી તેમજ ગાયત્રીનગર–૧,૨, નવો હળપતિવાસ, શિવનગર,સ્લમ વિસ્તાર તેમજ આંતરિક વિસ્તારોમાં આરોગ્ય, ઈજનેરી ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર કામગીરી મે. એડી.સીટી ઈજનેર શ્રી જે.કે.શાહના સીધા માર્ગદર્શન હેઠળ આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રી આર. જરીવાલા, ઝોનલ ઓફિસરશ્રી રાજેશ. સી. જરીવાલા ના આગેવાની હેઠળ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી,આસી. જંતુનાશક અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી– ૦૪ , મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી – ૦૪ જુ./આસી.ઈજનેર–૧૦ તેમજ સુપરવાઈઝર સ્ટાફ–૨૦ અને ૧૭૮ સફાઈ કામદાર/ બેલદાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી.

જેમાં સદર વિસ્તારમાં રસ્તા પર પડેલ બિલ્ડીંગ મટીરીયલ (રેતી, કપચી, ઈંટ,) તેમજ કચરો અને કચરા મિશ્રિત માટી કુલ ૪૩.૨૫૦ મેટ્રિક ટન નિકાલ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી–૦૪ તેમજ શૈક્ષણિક સંસ્થા–૦૫ ની આજુબાજુ સાફ–સફાઈ/રીપેરીંગ કામગીરી કરવામાં આવી હતી. સ્ટ્રોમ વોટર ડ્રેઈનના ઈનલેટ ચેમ્બર સંખ્યા –૭૨ ની ડીસીલ્ટીંગ કામગીરી કરવામાં આવી હતી. હોટલ/રેસ્ટોરન્ટ સંખ્યા–૦૭ ચેક કરી–૦૩ કિલોગ્રામ અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. ખુલ્લા /ખાનગી પ્લોટમાંથી –૩૧ વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. કુલ–૧૪૨ લાઈટ સ્ટ્રીટ પોલ ચેક કરી, ૧૪૨ રીપેરીંગ કરવામાં આવ્યા તથા ૭૧ બંધ સ્ટ્રીટ લાઈટ પોલ ચાલુ કરવામાં આવ્યા. વેબસાઈટ, હેલ્પ લાઈન અને મોબાઈલ દ્વારા અગાઉ મળેલ સફાઈ, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ પોલની મળેલ ફરિયાદનો નિકાલ કરાવવામાં આવેલ હોય, તેનું ક્રોસ ચેંકીગ કરવામાં આવ્યું હતું. બિનઅધિકૃત બાંધકામ થયેલ હોય તે જગ્યા પર માર્કીગની કામગીરી કરવામાં આવી હતી. વોટર ટેબલ તથા ફુટપાથ –૨૦ ચો.ફુટ મીટર સેટ–રીસેટ કરવાની કામગીરી કરવામાં આવી તથા પેચવર્ક – ૪૦૦ ચોરસ મીટર કરવામાં આવ્યું. તેમજ હોસ્પીટલ અને કલીનીકમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલ બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ગાડીઓમાં કચરો આપવા માટે તથા મચ્છર ઉત્પતિ સ્થાન અને મચ્છરથી થતા મેલેરીયા, ડેન્ગયુ, ચીકનગુનિયા રોગો અટકાવવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણનું જન–જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમ્યાન આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) હાજર રહી આરોગ્યલક્ષી જરૂરી માર્ગદર્શન / સુચનાઓ આપેલ

આ અભિયાન દરમ્યાન આરોગ્યલક્ષી કુલ નોટીસ ૨૯ તથા રૂા.૪૦,૫૫૦/– નો વહીવટી ચાર્જ કરવામાં આવ્યો હતો.

TOP

## સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે ગૃડા–૨૦૧૧ હેઠળ આવેલ ઈમ્પેકટ ફી અંગેની અરજીઓના નિકાલ અર્થે રોજીંદી કામગીરી ઉપરાંત અત્રેના ઝોનના સંબધિત આસી.ઈજનેર / જુની.ઈજનેર / સર્વેયર / સુપરવાઈઝર ની મદદથી ફાઈલોનાં ત્વરીત નિકાલ ઝુંબેશ અભિયાન અંતર્ગત તા–૨૫/૦૮/૨૦૧૪ થી તા–૩૧/૦૮/૨૦૧૪ સુધીમાં કુલ–૨૦૫૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ જે પૈકી ૧૫૦૯ ફાઈલ મંજુર કરવામાં આવેલ જયારે કુલ–૫૪૩ ફાઈલો વિવિધ કારણોસર દફતરે કરવામાં આવેલ. મંજુર કરવામાં આવેલ ફાઈલોના નિકાલથી કુલ–૮૬,૬૫,૯૦૭/– રૂા. ની ભરપાઈ કરવા માંગણા નોટીસ આપવામાં આવેલ.વધુમાં, ઓગસ્ટ માસ–૨૦૧૪ દરમ્યાન ઈમ્પેકટ ફી પેટે ૭૫,૫૫,૩૦૨ /– રૂા. ની વસુલાત કરવામાં આવેલ અને એ મુજબ ઈમ્પેકટની ફાઈલોના ત્વરીત નિકાલ અર્થે પરીણામલક્ષી કામગીરી કરવામાં આવેલ છે.તેમજ આ પ્રકારની ઝુંબેશ આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૨.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૮ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬ ફાઈલના રૂા.૩.૮૬લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૦ લોકેશન(ખાડા)૨૫૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૮.૧૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે.,કુલ–૧૦ લોકેશન (ખાડા) ૬૦૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૬ લોકેશન ૧૬૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૪૧ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૬ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.,મોજે ભેદવાડ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ ખાતે ૧૦ ઝુંપડા દૂર કરી ૬૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.,ટી.પી.૧, ફા. પ્લોટ નં. ૧૨ ખાતે આવેલ ભગવતીનગર ની સામે રોડ પર ૦૬ ઝુપડા દૂર કરી ૬૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૬૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૪૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩૩.૨૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૭.૪૫ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૦૭ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી , રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા. ૧૧૫૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪૩૧ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૪ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : ૧૬૭.૭૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૫૦૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૯૮૯૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૩૦૨૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૮ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૮૧ કરવામાં આવેલ છે. જયારે ૪૦ નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃ રૂા.૭૦૦/–વસુલ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૮/૨૦૧૪ થી તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ—

આરોગ્ય વિભાગ દ્વારા ૭૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૫,૯૦૦/— વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૩૦૨૮ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૨૩૨૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૫૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૩,૬૧,૬૨૫/— વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા વેડ રોડની સહયોગ, પટેલ ઈન્ડ. ૧ થી ૪, નિલકંઠ, પ્રભુદર્શન, પંડોળ વિગેરે ઈન્ડ. સોસાયટીઓ, કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ સ્થળ ઉપર રૂા. ૧૧,૧૨,૨૬૩/— વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૨૨૧ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૩,૯૭,૨૮૦/— ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૦૪,૪૦૦/— હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૨/૦૯/૧૪ ના રોજ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અન્વયે પટેલવાડી—૨ ની પાછળ ઉઘાડપગાની વાડી, ગોતાલાવાડી વિસ્તારમાં સફાઈ દરમ્યાન કુલ બે ટન માટી મિશ્રિત કચરો સાફ કરી સ્થળ પર આરોગ્યલક્ષી ન્યુસન્સ કરતાં ૧૫૧ વ્યકિતઓને નોટીસ આપી સ્થળ પર રૂા.૯,૨૦૦/— વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવી.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા.૨૫.૦૮.૨૦૧૪ થી તા.૩૧.૦૮.૨૦૧૪ સુધીમાં સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ :૧૩૬૮ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬૪ ફાઈલના રૂા.૪૩.૮૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૦૪ લોકેશન (ખાડા)૨૦૬૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૩૩.૩૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે.,કુલ–૪૩ લોકેશન(ખાડા) ૨૪૫૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૪૨ લોકેશન ૧૫૯૭૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૨૨૬ વરસાદી જાળિયા સફાઈ તથા ૯૦ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.,રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૨૩ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૭(પાંડેસરા) ખાતે આવેલ નાગસેનનગર ખાતે રસ્તાને નડતરરૂપ આશરે ૬૦૦ ચો.ફુટ ઝુંપડા દૂર કરવામાં આવેલ છે.,સીતાનગર પાંડેસરા ખાતે આશરે ૩૦૦ ચો.ફુટ પ્લીંથ કોલમનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૧૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૭૬૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૨૨૫.૬૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૪૦.૬૨ લાખ થયેલ છે.,૫૬ ભહ તથા ૫૩ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી , રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૫૯૬૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૯૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૫૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૨૮૯૯ છે., ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૬૮૬ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૧૮૪.૬૯ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪૦ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૦,૫૫૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૬૯૬૨૬ ઘર સર્વે કરવામાં આવેલ.,કુલઃ ૧૫૪૦૬૫ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ૫૦૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૪૭૬૪ કરવામાં આવેલ છે. જયારે ૨૭૫ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ રૂા. ૩૪૯૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

(૧) પૂર્વ(વરાછા)ઝોનમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં.૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), માં આવેલ સેટેલાઈટ રોડ ઉપર આવેલ વૃંદાવન સોસાયટી વિ–૧, બ્લોક નં. ૧૮૩, ફા.પ્લોટ નં.૪૪/બી નાં મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. માં કેટલાંક ઈસમો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવાના ઈરાદે આશરે ૩૬૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. ફુટીંગ ભરી ગ્રાઉન્ડ બીમ ભરવાની તૈયારી કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. સ્થળ ઉપરથી સેન્ટરીંગની પ્લેટો, સ્ટીલ વિગેરે સામાન જપ્ત કરવામાં આવેલ છે.

(૨) સરથાણા વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા–સીમાડા) માં આવેલ સુભાષપાર્ક તથા સુભાષનગર વચ્ચેથી પસારથતાં ૭.૫૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તા ઉપર ઉકત સોસાયટીના રહીશો દ્વારા ગેરકાયદેસર રીતે ૨ (બે) બમ્પ બનાવેલ જયારે વી.ટી.નગર જતાં ૧૮.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તા પર સુભાષપાર્ક, કેશવપાર્ક સોસાયટી ના ગેટ પાસે સોસાયટીના રહીશો દ્વારા કુલ–૦૪ બમ્પ બનાવેલ હતાં તેમજ જીલ પાર્ક સોસાયટીના ગેટ પાસે ૧૨.૦૦ મી. ના ટી.પી. રસ્તા પર ૧(એક) બમ્પ બનાવવામાં આવેલ. ઉપરોકત ૭(સાત) ગેરકાયદેસર બમ્પ આજરોજ દબાણ ખાતા દ્વારા દુર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૩.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૯૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૭૬ ફાઈલના રૂા.૧૪.૭૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૩૫ લોકેશન(ખાડા)૩૯૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૯૧૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૧૫ લોકેશન (ખાડા) ૪૪૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૬ લોકેશન ૪૨૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૪૭ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૫ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૪૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૬૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૨૯.૧૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૮.૩૬ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૦૭ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૫૩૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪૨૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૬૭.૧૪૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૮ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૪૦૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૧૦૫૩૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૩૮૪૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૭ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૬૦ કરવામાં આવેલ છે. જયારે ૩૯ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ રૂા.૩૮૦૦/–વસુલ કરવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના હીજડાવાડ સર્કલ, બાલાપીર દરગાહ, ભરવાડ ફળીયા, મહારાણા પ્રતાપ સર્કલ, ડી.કે.એમ હોસ્પીટલ, આંબાવાડી કાલીપુલ, ચલમવાડ, સ્વર્ણિમ સર્કલથી ફાલસાવાડી, દાણાપીઠ બજાર, લાલ દરવાજા ચાર રસ્તાથી કતારગામ ઝોન ઓફીસ વિગરે વિસ્તારોમાં " મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન " અંતર્ગત આજ તા. ૩–૯–૧૪ નાં ગુરૂવારનાં રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી હાથ ધરવામાં આવી. જે પૈકી અધિકારી / સુપરવાઈઝર–૭૦ અને સફાઈ કામદાર / બેલદાર ૧૬૨ મળી કુલ ૨૩૨ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૧૬ મે. ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્ય સામાન મળી કુલ–૬૪ દબાણો દુર કરવામાં આવ્યા. જયારે ૪૨ રનીગ મીટર વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા. વરસાદી જાળીયા/ઈનલેટ ચેમ્બર/મેનહોલ પૈકી ૦૫ સાફ કર્યા. લાઈટ વિભાગ ધ્વારા ૭ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. પે એન્ડ યુઝ ટોઈલેટ ૧ ચેક કરવામાં આવી. ૧૦ ધાર્મિક સ્થળ, સામજીક, શૈક્ષણિક, વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. આ વિસ્તારોમાં જણાયેલ બાંધકામનું મટીરીયલ, ડેબ્રીસનાં ૬ ઢગલાઓનો નિકાલ કરવામાં આવ્યો. ખાનગી / સરકારી ખુલ્લા ૪ પ્લોટોમાં ગંદકી જણાતા તેની સફાઈ કરાવવામાં આવી. ૦૫ કિ.ગ્રા. જેટલી ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો. ૨ ટ્રાફીક સર્કલની સફાઈ કરાવવામાં આવી. ૦૭ જેટલી હોટલ / રેસ્ટોરન્ટ ચેક કરી, ૩૦ કિ.ગ્રા. અખાધ પદાર્થનો નાશ કરવામાં આવ્યો. આ ઝુંબેશ કામગીરી દરમ્યાન ૩૫ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી ૧૦૬ ઈસમો પાસેથી રૂા. ૫૮,૮૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ ઝુંબેશ મા. કમિશનરશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ આજરોજની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

**TOP**

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૧,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૩૪૧ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૫૧૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૦ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૩૭,૯૧,૬૮૧/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પંડોળ ઈન્ડ. પટેલ ૧–૨–૩ પ્રભુદર્શન સોસા. વેડરોડ કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ સ્થળ ઉપર રૂા. ૯,૧૫,૨૭૮/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૭૮ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૬,૨૩,૫૮૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૨૭,૦૪૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૦ લારી જપ્ત કરવામાં આવેલ છે.

તા.૦૩/૦૯/૨૦૧૪ના રોજ ટી.પી.૧૮ કુબેરનગર–૨ પ્લોટ નં.૪૬,૪૭ માં પ્રથમ માળનું ૧૮૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબની ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ પલ્સ–સંસ્થાના સહયોગથી "બીગ ડેટા કલાઈમેટ ચેલેન્જ" અંતર્ગત વૈશ્વિક સ્પર્ધાનું આયોજનઃ–

**યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ પલ્સ–સંસ્થાના સહયોગથી "બીગ ડેટા કલાઈમેટ ચેલેન્જ" અંતર્ગત વૈશ્વિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સદર સ્પર્ધાની જાહેરાત મેં ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ જેમાં ભારત દેશ સહીત વિશ્વના વિવિધ ૪૦ જેટલા દેશો દ્વારા વિવિધ વિષય આધારિત જેવા કે વનીકરણ, જીવ વિવિધતા, વાહનવ્યવહાર, રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન ડેટા સેન્ટર આધારિત નામાંકન કરાવવામાં આવેલ. વિવિધ દેશો પૈકી ભારતમાંથી એક માત્ર સુરત શહેર દ્વારા ઉપરોકત સ્પર્ધામાં ભાગ લેવા અર્થે નામાંકન કરાવવામાં આવેલ. આ પસંદગી માટે ઉપયોગીતા, આર્થિકરૂપે સામ્યતા, વિશ્વનીયતા વિગેરે માપદંડનો રાખવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ પૈકી મહત્વની સેવાઓ જેવી કે આરોગ્ય, પાણી પુરવઠા વ્યવસ્થા વિગેરેને સમાવિષ્ટ ગ્રીન ડેટા સેન્ટર આધારિત** Urban Services Monitoring (UrSMS) **બાબતે નામાંકન કરાવવામાં આવેલ.**

**અત્રે ઉલ્લેખનીય છે કે** Urban Services Monitoring (UrSMS) **એ સુરત મહાનગરપાલિકાની સેવાઓના મોનીટરીંગ માટે વેબ બેઝડ એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે. જેને ડીઝાઈન તથા પ્રસ્થાપિત કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા** TARU, Gandhinagar **નો સહયોગ મેળવેલ. મહાનગરપાલિકાની માહિતીનું એકત્રીકરણ તથા તેનું રીપોર્ટીંગ સરળતાથી થઈ રહે તથા સદર સીસ્ટમ અંતર્ગત ડેટા જાળવી શકાય તથા તેનો ઉપયોગ અગમચેતી પગલાઓ લેવાના હેતુસર તૈયાર કરવામાં આવેલ છે. સપ્ટેમ્બર ૨૦૧૪ દરમ્યાન યુનાઈટેડ નેશન્સ દ્વારા "પ્રોજેકટ ટુ વોચ" કેટેગરી અંતર્ગત કુલ સાત નામાંકન પસંદ કરેલ જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા જમા કરાવવામાં આવેલ નામાંકનનો યુનાઈટેડ નેશન્સ દ્વારા** Consolation Winner **તરીકે "પ્રોજેકટ ટુ વોચ" કેટેગરીમાં પસંદ કરેલ છે તથા થયેલ પસંદગી માટે સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ.**

**TOP**

## ઉકાઈમાંથી પાણી છોડવા બાબતે .. અધિકારીઓને એલર્ટ રહેવા જણાવાયું :-

એસઆઈસી, ફલ્ડ સુરતના મેસેજ મુજબ હાલમાં ઉકાઈમાંથી ૮૦૦ કયુસેક પાણી છોડવામાં આવે છે. જેમાં ૧૦.૦૦ કલાકથી વધારો કરીને ૨૨,૦૦૦ કયુસેસ પાણી છોડવામાં આવનાર છે. આથી તમામ પ્રાંત અધિકારીશ્રીઓ / મામલતદારશ્રીઓએ પોતાના મુખ્ય મથકે હાજર રહેવું અને સાવચેતીના તમામ પગલા લેવા જણાવવામાં આવે છે છેવટની પરિસ્થિતિની જાણકારી રાખવી અને તે અંગે કલેકટરશ્રી સાથે સંપર્કમાં રહી માહિતી અપડેટ કરતા રહેવા સુરત જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ દ્વારા જણાવાયું છે.

TOP

## કૃત્રિમ તળાવનું આયોજન બાબત :–

સુરત શહેરમાં આગામી ગણેશ ઉત્સવ નિમિતે શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રીગણેશજીની મોટી સંખ્યામાં પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવે છે. જે પૈકી મહત્તમ મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ(પી.ઓ.પી.)માંથી બનાવવામાં આવે છે. આવી મૂર્તિઓનું વિસર્જન સીધુ નદીમાં કે દરીયામાં થવાના કારણે તાપી નદી તથા દરીયાનું પાણી પ્રદુષિત થાય છે. સદર બાબતે સ્થાનિક આગેવાનો અને મંડળો તરફથી રજૂઆત થયેલ છે. તાપી નદીના પ્રદૂષણને અટકાવવા તેમજ પર્યાવરણની જાળવણીના હેતુસર સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની માર્ગદર્શિકા મુજબ ગત વર્ષે પ્રાયોગીક ધોરણે ડુમસ કાંદી ફળીયા ખાતે કૃત્રિમ તળાવનું આયોજન કરી શ્રીગણેશજીની પીઓપીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવેલ હતુ.

ચાલુ વર્ષમાં પણ પી.ઓ.પી. ની મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવમાં થાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોનોમાં નીચે જણાવેલ જગ્યાઓએ ૧૦ જેટલા કૃત્રિમ બનાવેલ છે.તમામ તળાવો સુધી પહોચતા રસ્તાઓ પાકા બનાવવા અને લાઈટીંગ,બેરીકેટીંગ વિગેરેની વ્યવસ્થા પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | વિસ્તાર | સાઈઝ | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ડુમસ કાંદી ફળીયા | ૫૫.૦૦ × ૧૦.૦૦ મીટર | ૦૧ |
| | | | ૧૯.૫૦ × ૦૭.૩૦ મીટર | ૦૧ |
| | | | ૦૮.૦૦ × ૫.૮૦ મીટર | ૦૧ |
| ૨ | રાંદેર ઝોન | પાલ હજીરા રોડ આર.ટી.ઓ. ઓફિસ નજીક | ૫૦.૦૦ ×૦૯.૦૦ મીટર | ૦૧ |
| ૩ | કતારગામ ઝોન | ટી.પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર) ફાયનલ પ્લોટ નં. ૧૧૦ | ૫૦.૦૦ ×૧૫.૦૦ મીટર | ૦૧ |
| ૪ | સેન્ટ્રલ ઝોન | ડકકા ઓવારા, – મેરી ટાઈમ બોર્ડની ઓફિસની બાજુમાં | ૨૫.૦૦ ×૧૦.૦૦ મીટર | ૦૨ |
| ૫ | વરાછા ઝોન | ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા– સિમાંડા) ફાયનલ પ્લોટ નં. ૮૮ | ૩૫.૦૦ × ૧૫.૦૦ મીટર | ૦૧ |
| ૬ | લીંબાયત ઝોન | ટી.પી. સ્કીમ નં. ૬૨ ફાયનલ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) પ્લોટ નં. ૪ ડીંડોલી આદર્શ પ્રાથમિક શાળા નજીક | ૫૦.૦૦ × ૧૦.૦૦ મીટર | ૦૧ |
| ૭ | ઉધના ઝોન | ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન) ફાયનલ પ્લોટ નં. ૭૧ | ૭૦.૦૦ × ૪૦.૦૦ મીટર | ૦૧ |

આથી સુરત શહેરનાં તમામ ગણેશ ઉત્સવ આયોજકોને, ગણેશજીની સ્થાપના કરતા નાગરિકો / મંડળો વિગેરેને જાહેર અપીલ કરવામાં આવે છે કે તાપી નદી અને દરિયામાં થતા પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે પી.ઓ.પી. માંથી બનાવેલ શ્રી ગણેશજી ની મૂર્તિઓનું વિસર્જન ઉપર જણાવેલ કૃત્રિમ તળાવોમાં જ કરવા વિનંતી કરવામાં આવે છે.ઈકો ફ્રેન્ડલી તથા માટી માંથી બનાવેલ શ્રી ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન તાપી નદી તથા દરિયામાં કરી શકશે.

તમામ કૃત્રિમ તળાવોમાં મૂર્તિ વિસર્જન માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચાર્જ વસુલ લેવામાં આવશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબતઃ–

તા. ૦૪.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૪૫ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૫૪ ફાઈલના રૂા.૧૦.૦૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,, કુલ–૧૨ લોકેશન (ખાડા) ૭૨૫.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૩૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૫૮ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૮ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૦ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૬૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૮૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૧૬.૧૩ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૭.૯૩ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૦૮ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૬૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૧ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪૨૩ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૬.૨૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૪ છે.,.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૧૦૯૧૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૪૬૨૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૩૦ કરવામાં આવેલ છે. જયારે ૫૧ નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃ રૂા.૩૦૦૦/–વસુલ કરવામાં આવેલ છે.

TOP

## "નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ" :–

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં તા.૨૬/૦૯/૨૦૧૪ના રોજ ગરબા હરિફાઈ, તા.૨૯/૦૯/૨૦૧૪ના રોજ સોલો ડાન્સ કોમ્પીટીશન અને તા.૦૨/૧૦/૨૦૧૪ના રોજ શેરીગરબા સ્પર્ધાનું આયોજન સાંજે ૬.૦૦ કલાકે કરવામાં આવેલ છે. ગરબા હરિફાઈમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે, સોલો ડાન્સ કોમ્પીટીશનમાં ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે જયારે શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો તથા શિક્ષકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. ગરબા હરિફાઈની તા.૨૪/૦૯/૨૦૧૪, સોલો ડાન્સ કોમ્પીટીશની તા.૨૭/૦૯/૨૦૧૪ અને શેરી ગરબા હરિફાઈના પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તા.૩૦/૦૯/૨૦૧૪ રાખવામાં આવી છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૫૭ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી  ૬૪૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

કતારગામ હેલ્થ સેન્ટર દ્વારા પટેલવાડી વોર્ડ ઓફિસ / આંગણવાડી ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેનો ૧૦૩ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૩૬,૪૧,૩૭૩/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પંડોળ ઈન્ડ. પટેલ ૧–૨–૩ પ્રભુદર્શન સોસા. વેડરોડ કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ રૂા. ૧૨,૦૦,૬૧૪/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૭૦ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૮,૮૪,૦૨૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૫૭,૪૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૩/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત :–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૫૬૧૦૮ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૨૩૪૫૪ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૫૨૫ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૪૬૧૯ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૬૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૦૯ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૨૧ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૩૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૭૦ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૭ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૨૫ નોટિસો આપવામાં આવી અને ૧૧૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## જ્ઞાન સપ્તાહ અન્વયે શિક્ષક–વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવણી :–

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતના ઉપક્રમે જ્ઞાન સપ્તાહ અન્વયે શિક્ષક–વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવણીના ભાગરૂપે શાળા પરિવારમાંથી નિવૃત થયેલ માનવંતા આચાર્યો,શિક્ષકો,તેડાગરોને વિશિષ્ટ સેવા એવોર્ડ અર્પણ વિધિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત હસ્તકની શાળાઓમાં શ્રેણી એકથી આઠ સુધી અભ્યાસ કરી માર્ચ ૨૦૧૪ માં લેવાયેલી એસ.એસ.સી / એચ.એસ.સી. પરીક્ષામાં ૮૫ ટકા કે તેથી ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો ગૌરવવંતો સમારોહ તા.૦૫/૦૯/૨૦૧૪ના રોજ સવારે ૦૯ઃ૩૦ કલાકે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાની અધ્યક્ષતામાં સરદાર સ્મૃતિ ભવન,મીની બજાર, સુરત ખાતે યોજાનાર છે. જેમા મા.ઉપદંડકશ્રી આત્મારામભાઈ પરમાર ઉદ્‌ઘાટક તરીકે તથા મા.સાંસદશ્રી સી.આર પાટીલ તથા મા.સાંસદશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી,શ્રી નરોતમભાઈ પટેલ,શ્રી રણજીતભાઈ ગિલીટવાલા,શ્રી જનકભાઈ બગદાણાવાળા,શ્રી અજયભાઈ ચોકસી,શ્રીમતિ સંગીતાબેન પાટીલ,શ્રી કુમારભાઈ કાનાણી,શ્રી મુકેશભાઈ પટેલ,શ્રીપ્રફુલ્લભાઈ પાનસેરીયા,શ્રી રાજાભાઈ પટેલ શ્રી હર્ષભાઈ સંઘવી, તથા ડે.મેયરશ્રીમતિ રંજનબેન વેકરીયા,સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ,શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ,મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે તથા પ્રેરક વકતા તરીકે શ્રી દેવરાજભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

TOP